ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 57 • FRIDAY-24-07-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

વાંચો અંદરના પેજ પર



દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો એક ખતરનાક ટ્રેન્ડ

વાંચો અંદરના પેજ પર



PI એન. જી. પટેલની માનવતાભરી કામગીરી

## અંડરબ્રીજ બંધ : ઠેકઠેકાણે વાહન ચાલકો અટવાયા

# અમદાવાદમાં ધમધોકાર છ ઈંચ વરસાદ : ટ્રાફિકજામમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો કાફલો પણ અટવાઈ ગયો

### બોપલ, બોડકદેવ, સાયન્સ સીટી, સિન્ધુભવન રોડ, થલતેજ, ગુરૂકુળ, એસ.જી.હાઈવે સહિત મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાયા

• અમદાવાદ

છેલ્લા કેટલાક દિવસોથી માત્ર દક્ષિણ ગુજરાતમાં જ વરસી રહેલા મેઘરાજા હવે આગળ વધ્યા હોય તેમ મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં આજથી વ્યાપક વરસાદ શરૂ થયો છે. અમદાવાદમાં આજે જોરદાર છ ઈંચ સુધીનો વરસાદ વરસી ગયો હતો.

સમગ્ર શહેર બાનમાં સપડાયું હોય તેમ ઠેકઠેકાણે ટ્રાફિક જામ સહિતના દ્રશ્યો સર્જાયા હતા. અનેક વિસ્તારોમાં મકાનોમાં પાણી ઘુસી ગયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ટ્રાફિકમાં ફસાયા હતા.

અમદાવાદમાં આજે વહેલી સવારથી મેઘરાજાની પધરામણી થઈ હતી અને જોતજોતામાં વરસાદનું જોર વધવા લાગ્યું હતું. અનેક વિસ્તારોમાં પાંચ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો.

બોપલમાં સૌથી વધુ 7 કલાકમાં છ ઈંચ પાણી વરસ્યુ હતું ત્યાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે અનેક સોસાયટીમાં પાણી ઘુસી ગયા હતા. અંડરબ્રીજ પણ બંધ થયા હતા. જ્યાં જુઓ ત્યાં માત્ર પાણી જ નજરે ચડતું હતું અને ઠેકઠેકાણે ટ્રાફિક જામને પગલે વાહન ચાલકો કલાકો સુધી ફસાયા હતા.

સિન્ધુ ભવન, એસ.જી.હાઈવે સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. થલતેજ મેટ્રો સ્ટેશન નીચેથી એક વ્યકિતનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. શહેરના ભેદવાડ ખાડી અને ક્રિષ્નાનગર ખાતેથી લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું.

સરખેજમાં પણ પાણી ભરાયા હતા. અનેક વિદ્યાર્થીઓ અટવાઈ જતા પોલીસની ટીમ દ્વારા તેઓને સુરક્ષીત બસ સ્ટેન્ડ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. પી.સી. પોઈન્ટ ચાર રસ્તા પાસે ત્રણ વિદ્યાર્થીનીઓ ફસાતા સરકારી વાહનમાં સુરક્ષીત સ્થળે પહોંચાડવામાં આવી હતી.

ગુરૂકુળ રોડ પર સ્કુલ વાન પાણીમાં ફસાઈ જતા પોલીસે બાળકો માટે તાત્કાલીક વૈકલ્પિક વ્યવસ્થા કરી હતી. દાણીલીમડામાં પણ ફસાયેલા બાળકોને સુરક્ષીત પહોંચાડવામાં આવ્યા હતા.

અમદાવાદમાં વહેલી સવારથી જોરદાર વરસાદ થવાના કારણે સવારે સ્કુલ-કોલેજોએ જતા વિદ્યાર્થીઓ તથા કામધંધે જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ઠેકઠેકાણે ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો હેરાન પરેશાન થયા હતા.

શહેરના પેલેડીયમ મોલ ચાર રસ્તા પાસેથી પસાર થતો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો કાફલો પણ થોડી વખત ટ્રાફિક જામમાં ફસાયો હતો. ગાંધીનગર અને ઈસ્કોન તરફનો વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. ટ્રાફિકજામ દુર કરવા પેલેડીયમ મોલ પાસેનો કટ ખોલવામાં આવ્યો હોવા છતાં કાફલો થોડી વખત જામમાં અટવાયેલો







### રાજ્યમાં વરસાદી સ્થિતિને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અમિત શાહ સાથે ટેલિફોનીક ચર્ચા

રાજ્યમાં સતત વરસી રહેલા ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્યમાં ચાલી રહેલી બચાવ અને રાહત કામગીરી તેમજ વર્તમાન પરિસ્થિતિથી કેન્દ્રીય ગૃહ મંત્રીને અવગત કરાવ્યા હતા.વાતચીત દરમિયાન રાજ્યમાં જરૂરી સંકલન અને સહયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાતમાં બચાવ અને રાહત કામગીરી માટે કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી મદદ અને સહયોગ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી.રાજ્ય સરકાર દ્વારા વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે, ત્યારે કેન્દ્ર સરકાર તરફથી પણ સંપૂર્ણ સહયોગની ખાતરી આપવામાં આવતાં રાજ્યના પ્રયાસોને વધુ મજબૂતી મળશે.

## ભારે વરસાદની આગાહીના પગલે અમદાવાદની સ્કૂલ-કોલેજોમાં શુક્રવારે રજા જાહેર કરવામાં આવી

• અમદાવાદ

શહેરમાં આજે ભારે વરસાદ પડ્યો છે. અમદાવાદમાં સવારે 6 થી બપોરે 2 વાગ્યા સુધીમાં સરેરાશ 8 ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. શહેરના પોશ વિસ્તાર બોપલમાં 8.50 ઈંચ, સરખેજમાં 9 ઈંચ વરસાદ ખાબક્યો છે. શહેરમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવા માટે વાસણા બેરેજના 20 ગેટ ખોલવાની ફરજ પડી હતી. અમદાવાદમાં આવતીકાલે પણ ભારે તથા અતિભારે વરસાદની આગાહી છે.ભારતીય હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં ભારે તથા અતિભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તકેદારીના ભાગરૂપે આવતીકાલે, તા. 24 જુલાઈ, 2026 (શુક્રવાર)ના રોજ અમદાવાદ શહેરની તમામ શાળા અને કોલેજોમાં શૈક્ષણિક કામગીરી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વરસાદી પરિસ્થિતિ દરમિયાન સાવચેતી રાખવા તેમજ અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.ભારે વરસાદના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોમાસા દરમિયાન નાગરિકોની સુવિધાર્થે અને ઈમરજન્સી મદદ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનદ્વારા 'મોનસૂન 2026 - કંટ્રોલરૂમ સંપર્ક નંબર' ની યાદી જાહેર કરવામાં આવી હતી. જે અંતર્ગત ચોમાસા દરમિયાન પાણી ભરાવા, વૃક્ષ ધરાશાયી થવા કે અન્ય કોઈ પણ સમસ્યા માટે નાગરિકો પોતાના વિસ્તારના કંટ્રોલ રૂમમાં ફરિયાદ કરી શકશે. તેમજ નાગરિકોની સુરક્ષા અને સલામતીના ભાગરૂપે વરસાદી પાણી નજીક ન જવા તથા બિનજરૂરી ઘરમાંથી બહાર ન નીકળવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો છે.

## સેન્સેકસમાં વધુ 500 પોઈન્ટનો કડાકો : ક્રુડ 99 ડોલર નજીક : સોનામાં 1450 - ચાંદીમાં 4250નું ગાબડુ

• અમદાવાદ

મુંબઈ શેરબજારમાં આજે મંદીનો દૌર જારી રહ્યો હતો અને સેન્સેકસમાં ૫૦૦ પોઈન્ટથી અધિકનો કડાકો સર્જાયો હતો. સોના-ચાંદી પણ પાછા પડયા હતા. બીજી તરફ ક્રુડ તેલમાં વધુ પાંચ ટકા જેવી તેજી થઈ હતી અને બ્રેન્ટ ક્રુડનો ભાવ 99 ડોલરની નજીક પહોંચી ગયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત જ નેગેટીવ ટોને રહી હતી. વિશ્વ બજારોની મંદી ઉપરાંત મધ્ય પૂર્વના યુધ્ધ, વરસાદી ખાધ, કેપીટલ ગેઈન ટેકસમાં રાહત આપવાનો ઈન્કાર, મોંઘવારીનું જોખમ, ક્રુડ તેલની તેજી સહિતના કારણોથી માનસ નબળુ બની રહ્યું હતું.

વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલીનો પણ ખચકાટ હતો. હેવીવેઈટથી માંડીને રોકડા સુધીના તમામ ક્ષેત્રોના શેરોમાં વેચવાલીનું દબાણ માલુમ પડયું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ક્રુડ તેલનો ભાવ ટ્રેન્ડ અને યુધ્ધ જેવા કારણો માર્કેટને પ્રભાવિત કરતા રહે તેમ માનવામાં આવી રહ્યું છે. નાણા સંસ્થાઓ ફરીથી જંગી માત્રામાં માલ વેચવા લાગી હોવાનું સૂચક છે. શેરબજારમાં આજે હિરો મોટો, બજાજ ઓટો, કોચીન શીપયાર્ડ, ઝોમેટો, મન્નાપુરમ ફાયનાન્સ, ટીવીએસ મોટર્સ, ટીપ્સ ફિલ્મ જેવા શેરોમાં સુધારો હતો. જ્યારે એસઆરએફ, અદાણી ગ્રુપ, બંધન બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, વોડાફોન, યસ બેંક, ડો.રેડ્ડી, ટાટા એલેકસી, આઈઆરએફસી જેવા શેરોમાં ગાબડા પડયા હતા.

## ઉત્તર પ્રદેશમાં અનોખો કિસ્સો

# એક યુવકે ત્રણ બહેનો સાથે કર્યા લગ્ન

### પોલીસ સ્ટેશન પહોંચ્યો મામલો

**અમરોહા :** ઉત્તર પ્રદેશનાં બે અલગ-અલગ જિલ્લાઓમાંથી છેલ્લાં બે દિવસમાં સામે આવેલાં અનોખા કિસ્સાઓએ લોકોને ભારે આશ્ચર્યમાં મૂકી દીધા છે. મંગળવારે રામપુરમાં બે પત્ની ધરાવતા પતિને પંચાયતે અઠવાડિયામાં ત્રણ-ત્રણ દિવસ બંને સાથે રહેવાનો ફોર્મ્યુલા આપ્યો હતો. ત્યાં જ બુધવારે અમરોહા જિલ્લામાં એક યુવક સાથે એકસાથે ત્રણ યુવતીઓએ લગ્ન કરી લીધાં હોવાનો મામલો સામે આવ્યો છે. આ ત્રણેય યુવતીઓ બહેનો થતી હોવાથી અને લગ્નનો વિડીયો વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.અમરોહા જિલ્લામાં બાળપણથી સાથે ઉછરેલી ત્રણ બહેનોએ એકબીજાથી અલગ ન થવાની ઈચ્છાથી એક જ યુવક સાથે મંદિરમાં લગ્ન કરી લીધાં હતાં. આ ત્રણેયમાંથી બે સગી બહેનો અને એક માસીની દીકરી બહેન છે. લગ્નની વિધિનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વિવિધ સંગઠનો અને લોકો તરફથી તીખી પ્રતિક્રિયાઓ આવવા લાગી હતી. ધાર્મિક માન્યતાઓનું ઉલ્લંઘન ગણાવી સ્થાનિક વેપારી નેતા મુકેશ ગુપ્તાએ હસનપુર પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ત્રણેય બહેનો વચ્ચે બાળપણથી જ ઘણો પ્રેમ હતો. જ્યારે પરિવાર દ્વારા લગ્નનું દબાણ વધ્યું અને એક યુવતીનું સગપણ નક્કી થયું, ત્યારે ત્રણેયને અલગ થવાનો ડર લાગ્યો હતો. આથી તેમણે સાથે રહેવા માટે એક જ યુવક સાથે લગ્ન કરવાનો નિર્ણય લીધો. આ ચારેય જણા અગાઉથી જ સોશિયલ મીડિયા પર કોમેડી રીલ્સ બનાવતા હતા, જેમાં યુવક વીડિયોગ્રાફી કરતો હતો. લગ્ન બાદ યુવતીઓના પરિવારજનો ખૂબ નારાજ છે અને હાલ આ ચારેય ઘર છોડીને ક્યાંક જતાં રહ્યા હોવાની ચર્ચા છે.બીજી તરફ, રામપુરમાં સામે આવેલાં અન્ય કિસ્સામાં બે પત્નીઓ વચ્ચે ફસાયેલાં પતિ માટે પંચાયતે અનોખો ચૂકાદો આપ્યો છે.

## બેગુસરાય અને મધુબની જિલ્લામાં વિરોધ પ્રદર્શન

# પટના બાદ કટિહારમાં પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો

### નીટ પેપર લીક મુદ્દે બિહારમાં આક્રોશ યથાવત

કટિહાર : નીટ પેપર લીક કેસમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનની આગ હવે પટનાથી વધીને બિહારનાં અન્ય જિલ્લાઓમાં પણ ફેલાઈ ગઈ છે. કટિહાર જિલ્લામાં કલેક્ટર કચેરી પાસે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકઠાં થઈને પ્રદર્શન કરી રહ્યાં હતાં. આ દરમિયાન સ્થિતિ વણસતાં પોલીસે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હતો, જેના જવાબમાં પથ્થરમારો પણ થયો હતો.કટિહારમાં વિદ્યાર્થીઓ પોતાની માંગણીઓને લઈને કલેક્ટર કચેરી બહાર નારેબાજી કરી રહ્યાં હતાં. આ દરમિયાન કેટલાક આંદોલનકારીઓએ કચેરીની અંદર ઘૂસવાનો પ્રયાસ કરતાં પોલીસે તેમને રોકવાની કોશિશ કરી હતી, જેનાથી ઘર્ષણ સર્જાયું હતું.પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો હતો, જ્યારે કેટલાંક વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે અને સુરક્ષા માટે વધારાનો પોલીસ કાફલો તૈનાત કરાયો છે.બીજી તરફ, બેગુસરાયમાં પણ હજારો વિદ્યાર્થીઓએ કલેક્ટર કચેરીના મુખ્ય ગેટ પાસે એકઠાં થઈને વિશાળ માર્ચ કાઢી હતી. વિદ્યાર્થી સંગઠનોની એક જ સ્પષ્ટ માંગ છે કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે અને પેપર લીક કૌભાંડમાં સામેલ તમામ દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. પ્રદર્શન દરમિયાન એક વિદ્યાર્થીએ વિરોધ નોંધાવતાં કહ્યું હતું કે આ કૌભાંડ માટે માત્ર શિક્ષણ મંત્રી જ નહીં પણ વડાપ્રધાન મોદી પણ જવાબદાર છે. આ ઉપરાંત, બિહારનાં મધુબની જિલ્લામાં પણ ભીમ આર્મી દ્વારા વિરોધ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માર્ચ મધુબની રેલવે સ્ટેશનથી શરૂ થઈને શહેરનાં વિવિધ માર્ગો પરથી પસાર થઈ વોટસન સ્કૂલ પાસે ડો. બાબાસાહેબ આંબેડકરના સ્મારક ખાતે સભામાં ફેરવાઈ હતી. આમ, સમગ્ર બિહારમાં વિદ્યાર્થીઓ અને સંગઠનો દ્વારા પેપર લીક મુદ્દે વિરોધ પ્રદર્શન તીવ્ર બની રહ્યાં છે.

## પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની સ્થિતિ અત્યંત નબળી


# સિંગાપોર વિશ્વમાં પ્રથમ ક્રમે, ભારતીય પાસપોર્ટ 81મા સ્થાને

### યુએઈ પાસપોર્ટની ઐતિહાસિક છલાંગ સાથે બીજા ક્રમે

**નવી દિલ્હી :** હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ દ્વારા વિશ્વનાં સૌથી શક્તિશાળી પાસપોર્ટની નવી યાદી જાહેર કરવામાં આવી છે. આ ગ્લોબલ રેન્કિંગમાં સિંગાપોરે અગ્રણી સ્થાન જાળવી રાખતાં વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ બનવાનું બહુમાન મેળવ્યું છે.સિંગાપોરના પાસપોર્ટ ધારકોને વિશ્વનાં 192 દેશોમાં અગાઉથી વિઝા લીધા વિના (વિઝા ફ્રી અથવા વિઝા ઓન અરાઈવલ) મુસાફરી કરવાની સુવિધા મળે છે. બીજી તરફ ભારતીય પાસપોર્ટ ગ્લોબલ યાદીમાં 81મા સ્થાને રહ્યો છે, જ્યાં ભારતીય નાગરિકો 55 દેશોમાં વિઝા વિના મુક્તપણે પ્રવાસ કરી શકે છે.આ વખતની રેન્કિંગમાં યુનાઈટેડ અરબ અમીરાત (UAE) એ અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. યુએઈ, જાપાન અને દક્ષિણ કોરિયા સાથે સંયુક્ત રીતે બીજા સ્થાને પહોંચી ગયું છે, જેનાં પાસપોર્ટથી 188 દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશ મળે છે. હેનલે ઈન્ડેક્સના 20 વર્ષના ઈતિહાસમાં યુએઈનો આ ગ્રાફ સૌથી મોટો સુધારો દર્શાવે છે. બે દાયકા પહેલા વર્ષ 2006માં યુએઈના પાસપોર્ટથી માત્ર 35 દેશોમાં જ પ્રવેશ મળતો હતો.જેમાં છેલ્લા 20 વર્ષમાં વધુ 153 નવી વિઝા-ફ્રી ડેસ્ટિનેશન ઉમેરાઈ છે.રેન્કિંગમાં યુરોપિયન દેશોનો દબદબો પણ યથાવત રહ્યો છે. સ્વીડન 187 દેશોની પહોંચ સાથે ત્રીજા સ્થાને છે, જ્યારે બેલ્જિયમ, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી, લક્ઝમબર્ગ, નેધરલેન્ડ, નોર્વે અને સ્પેન જેવા દેશો 186 દેશોમાં વિઝા-ફ્રી એન્ટ્રી સાથે ચોથા ક્રમે છે. આ ઉપરાંત ઓસ્ટ્રિયા, ગ્રીસ, માલ્ટા, પોર્ટુગલ અને સ્વિટ્ઝરલેન્ડ 185 દેશોનાં એક્સેસ સાથે પાંચમાં સ્થાને આવે છે.ઉચ્ચ રેન્ક ધરાવતાં દેશોનાં નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસ અત્યંત સરળ બની જાય છે. ભારતના પાડોશી દેશોની સ્થિતિ પર નજર કરીએ તો, અફઘાનિસ્તાન યાદીમાં સૌથી નીચે 104મા સ્થાને ફેંકાયું છે. પાકિસ્તાન 101મા ક્રમે આવીને વિશ્વનાં સૌથી નબળા પાસપોર્ટ ધરાવતાં દેશોમાં સામેલ થયું છે.

## નેશનલ-ઈન્ટરનેશનલ

### આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર હરમનવીરસિંહને કેલિફોર્નિયામાંથી ઝડપતી એફબીઆઈ



**ચંદીગઢ :** અમેરિકાની સંઘીય (ફેડરલ) તપાસ એજન્સી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (એફબીઆઈ) તરફથી વોન્ટેડ જાહેર કરાયેલ ડ્રગ તસ્કર હરમનવીરસિંહને કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલ સ્ટોકટનથી ધરપકડ કરી લીધી છે.હરમનવીરસિંહ સામે કથિત રીતે રવિંદર છંડા ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગ્રુપ સાથે મળીને અમેરિકા કેનેડા અને મેક્સિકો વચ્ચે કોકીન અને મેથએમફેટામીનની સીમા પાર તસ્કરીના કાવતરામાં સામેલ હોવાનો આરોપ છે.એફબીઆઈના અનુસાર હરમનવીરસિંહ અગાઉથી વોન્ટેડ હતો. તપાસ એજન્સીનો આરોપ છે કે તે એક આંતરરાષ્ટ્રીય આપરાધિક સંગઠન સાથે જોડાયેલો હતો જે ત્રણ દેશોમાં સક્રિય તસ્કરી નેટવર્ક માટે કામ કરતો હતો. બુધવારે સવારે કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલે સ્ટોકટનમાં કાર્યવાહી કરી તેની ધરપકડ કરી હતી.

### ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીની 2 પરીક્ષાઓ રદ

**શિમલા :** દિલ્હીના જંતર-મંતર પર પેપર લીક મામલે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે, ત્યારે ઉત્તરાખંડમાં પણ વધુ એક પેપર લીકની ઘટના સામે આવી છે. ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના 2 પેપર કથિત રીતે લીક થયા બાદ બંને વિષયની પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. આ મામલે શિવાલીક કોલેજના પ્રોફેસર આશિષ કુમાર સામે કેસ નોંધવામાં આવ્યો છે અને ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે.શિવાલીક કોલેજ ઓફ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર આશિષ કુમાર પેપર સેટર તરીકે કામ કરતા હતા. તેમના પર આરોપ છે કે, તેમણે 8 જુલાઈ રોજ યોજાયેલી પરીક્ષા પહેલાં 'Machine Learning for Internet of Things' વિષયના પરીક્ષાને મળતા આવતા 90% સવાલો પોતાના 22 વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રુપમાં મોકલી દીધા હતા. તપાસ દરમિયાન ખબર પડી કે આ સિવાય અન્ય એક પેપર પણ પહેલાથી લીક થઈ ચૂક્યું હતું.

### વાત કરવી હોય તો જંતર-મંતર આવો: કોકરોચ જનતા પાર્ટીએ સરકારને કહ્યું

**નવી દિલ્હી :** NEET પેપર લીક મુદ્દે કોકરોચ જનતા પાર્ટી (CJP) અને સરકાર વચ્ચે વાતચીત અટકી પડી છે. CJP નેતા આશુતોષ રાંકાએ જે.પી. નડ્ડાના નિવાસસ્થાને બેઠક કરવાનો ઈનકાર કર્યો છે. તેમણે જંતર-મંતર કે તટસ્થ સ્થળે ઠોસ વાતચીત અને સમયમર્યાદાની માંગ કરી છે. સરકારે 4 પ્રસ્તાવો મોકલ્યા છે, પરંતુ CJP શુક્રવારે દેશવ્યાપી પ્રદર્શન કરશે. NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલી કોકરોચ જનતા પાર્ટી (CJP) અને કેન્દ્ર સરકાર વચ્ચે વાતચીતને લઈને મડાગાંઠ યથાવત છે. એક તરફ સરકાર આ વિવાદનો ઉકેલ લાવવા ચર્ચા માટે અપીલ કરી રહી છે, તો બીજી તરફ CJPએ પોતાની શરતો મૂકીને શુક્રવારે દેશવ્યાપી પ્રદર્શનની જાહેરાત કરી છે.CJPના નેતા આશુતોષ રાંકા (Ashutosh Ranka)એ સ્પષ્ટ કર્યું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાના ઘર કે મંત્રાલયમાં કોઈ બેઠક નહીં થાય. તેમણે ટ્વિટર (X) પર લખ્યું કે, 'કોઈ મીટિંગ નડ્ડાજીના ઘરે નહીં થાય. બેઠક કાં તો જંતર-મંતર પર અથવા કોઈ તટસ્થ સ્થળે યોજવી પડશે. આ વખતે માત્ર ઔપચારિક વાતો કે હવાબાજી નહીં ચાલે.' તેમણે ઉમેર્યું કે સરકારે CJPની માંગણીઓ પર ઠોસ વાતચીત કરવી પડશે અને માંગો પૂરી કરવા માટે ચોક્કસ સમયમર્યાદા આપવી પડશે. આ પહેલાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે (Jitendra Singh) જણાવ્યું હતું કે સરકારે CJP સાથે ચર્ચા કરવા માટે 4 ઔપચારિક પ્રસ્તાવો મોકલ્યા છે.

### પાકિસ્તાનમાં મોંઘવારીનો માર : પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી વધારો

**કરાચી :** પાકિસ્તાનમાં મોંઘવારીથી ત્રસ્ત જનતાને સરકારે વધુ એક મોટો આંચકો આપ્યો છે. 23 જુલાઈથી દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર તીવ્ર વધારો કરવામાં આવ્યો છે.સરકારી નોટિફિકેશન મુજબ, પેટ્રોલમાં પ્રતિ લીટર 6.39 પાકિસ્તાની રૂપિયા અને હાઈ-સ્પીડ ડીઝલમાં પ્રતિ લીટર 7.83 પાકિસ્તાની રૂપિયાનો વધારો કરાયો છે. આ ભાવવધારા બાદ હવે પાકિસ્તાનમાં એક લીટર પેટ્રોલની કિંમત 327.12 રૂપિયા અને ડીઝલની કિંમત 375.04 રૂપિયા થઈ ગઈ છે.આ પહેલા 21 જુલાઈએ પેટ્રોલમાં માત્ર 35 પૈસાનો મામૂલી ઘટાડો કરીને જનતાને થોડી રાહત આપવામાં આવી હતી, પરંતુ તે રાહત બે દિવસ પણ ટકી શકી નથી. મિડલ ઈસ્ટમાં વધતાં ભૌગોલિક-રાજકીય તણાવ અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં આવી રહેલાં ઉતાર-ચઢાવને કારણે સરકારે ઈંધણ મોંઘું કરવાનો નિર્ણય લીધો છે.આંતરરાષ્ટ્રીય બજારની ઝડપથી બદલાતી સ્થિતિને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સરકારે હવે દરરોજ ઈંધણના ભાવ નક્કી કરવાનો નિર્ણય લીધો છે, જે માર્ચ મહિનાથી અઠવાડિયે બદલાતાં હતાં.ઓઈલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી (OGRA) હવે વૈશ્વિક બજાર મુજબ રોજ નવા ભાવ જાહેર કરશે. પેટ્રોલના ભાવ વધવાથી સામાન્ય લોકોનાં વાહન વ્યવહારનો ખર્ચ વધશે, જ્યારે ડીઝલ મોંઘું થવાથી માલ-સામાનની હેરફેર (ટ્રાન્સપોર્ટેશન) મોંઘી થશે, જેની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પડશે.

### ભાજપા પ્રદેશ કાર્યાલય, ‘ કમલમ‘, કોબા ખાતે પત્રકાર પરિષદને સંબોધિત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ  જગદીશભાઈ વિશ્વકર્મા

# દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો એક ખતરનાક ટ્રેન્ડ રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે

## વિપક્ષ સંસદમાં સાર્થક ચર્ચા કરવાને બદલે યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યો છે




**• ગાંધીનગર**

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ભાજપા પ્રદેશ કાર્યાલય, ‘ કમલમ‘, કોબા, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ  જગદીશભાઈ વિશ્વકર્માએ પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી  જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.પત્રકાર પરિષદને સંબોધતા  જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો એક ખતરનાક ટ્રેન્ડ કોંગ્રેસ અને તેના નેતા  રાહુલ ગાંધી દ્વારા અપનાવવામાં આવી રહ્યો છે. તેમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવાનો નહીં, પરંતુ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરી રાજકીય લાભ લેવાનો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. પેપર લીક જેવી ગંભીર ઘટનાને રાજકારણનો વિષય બનાવવાને બદલે સંસદમાં અર્થપૂર્ણ ચર્ચા થવી જોઈએ, પરંતુ વિપક્ષ સંસદમાં સાર્થક ચર્ચા કરવાને બદલે યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યો છે.તેમણે જણાવ્યું હતું કે, પેપર લીક કોઈ એક રાજ્ય, પક્ષ કે સરકારનો નહીં પરંતુ સમગ્ર દેશ માટે ગંભીર વિષય છે. આવી ઘટનાને રાજકીય રંગ આપવાના બદલે રાષ્ટ્રહિતમાં સૌએ સાથે મળીને ઉકેલ શોધવાનો અભિગમ અપનાવવો જોઈએ. કેન્દ્ર સરકાર માટે વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુરક્ષિત કરવું, દોષિતોને કડક સજા અપાવવી અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવું આ ત્રણ બાબતો સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, નીટ પરીક્ષા સંબંધિત ઘટનામાં કેન્દ્ર સરકારે ઝડપી અને જવાબદાર કાર્યવાહી કરી હતી. શિક્ષણ મંત્રાલયે ફરિયાદ નોંધાવી, તપાસ સીબીઆઈને સોંપી, વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી. સરકારે અદાલત સમક્ષ દૈનિક સુનાવણીની માંગણી કરીને દોષિતોને ઝડપથી સજા થાય તે માટે પણ પ્રયાસ કર્યો. વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખીને પુનઃ પરીક્ષા યોજાઈ, નિર્ધારિત સમયમર્યાદામાં પરીક્ષા પૂર્ણ થઈ અને સમયસર પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સફળ થયા, જેમાં વિદ્યાર્થીનીઓનું પ્રમાણ પણ નોંધપાત્ર રહ્યું. NEET ની પરીક્ષાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે કમ્પ્યુટર આધારિત પરીક્ષા પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કરાયો છે.વડાપ્રધાન  નરેન્દ્રભાઈ મોદીએ આજે જ જાહેર કર્યું છે કે, પેપર લીકના કેસોમાં દોષિતોને શક્ય તેટલી વહેલી તકે કડકમાં કડક સજા મળે અને કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે. વિદ્યાર્થીઓના હિતોની સુરક્ષા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયો અને પગલાંની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે. યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસે લોકશાહી અને બંધારણની મર્યાદા લાંઘીને પ્રધાનમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરીને રાજકીય નાટક સર્જવાનો પ્રયાસ કર્યો તે અત્યંત નિંદનીય છે. સંસદમાં નિયમ 193 હેઠળ NEET મુદ્દે ચર્ચા માટે નોટિસ પણ આપવામાં આવી હતી. વિપક્ષ સંસદમાં ચર્ચાથી દૂર રહી દેશભરમાં અરાજકતા અને ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ પેપર લીક મુદ્દે રાજકારણ કરી રહી છે, પરંતુ તેના શાસનકાળમાં તથા કોંગ્રેસ અથવા તેના સહયોગી પક્ષોની સરકારો ધરાવતા અનેક રાજ્યોમાં પણ પેપર લીક અને ભરતી કૌભાંડો સામે આવ્યા હતા. જેમ કે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, તેલંગાણા, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પંજાબ, કેરળ અને કર્ણાટક સહિતના અનેક રાજ્યોમાં પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ બની હતી. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી  નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પેપર લીક જેવા ગુનાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે કામ કરી રહી છે. સરકારે સંવેદનશીલતા અને જવાબદારી સાથે સંવાદનો માર્ગ અપનાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ વિષય અંગે સોશિયલ મીડિયામાં અનેક પ્રકારના ભ્રામક નેરેટિવ અને ફેક ન્યૂઝ ફેલાવવામાં આવ્યા. વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજે વિપક્ષમાં વિદ્યાર્થીઓના હિત કરતાં આંદોલનનો રાજકીય શ્રેય મેળવવાની સ્પર્ધા વધુ દેખાઈ રહી છે. દેશનો યુવા અને વિદ્યાર્થી વર્ગ જાગૃત છે અને તે સત્યને ચોક્કસપણે જાણે છે. વિદ્યાર્થીઓના વિષયમાં ભાજપા સરકારનો અભિગમ રાજકારણનો નહીં પરંતુ Reforms અને Transparency નો છે. અંતમાં  વિશ્વકર્માએ દેશ અને ગુજરાતના યુવાનોને અપીલ કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી  નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભાગીદારીને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવ્યું છે. ગરીબ, યુવા, મહિલા અને ખેડૂતોના કલ્યાણ માટે અનેક ઐતિહાસિક યોજનાઓ અમલમાં મૂકાઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કાર્યો કે દેશના યુવાનો ભ્રામક રાજકારણ અને અરાજકતાની રાજનીતિથી દૂર રહી રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરશે.તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સતત વિકાસની યાત્રામાં અવરોધ ઉભા કરવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દેશના સર્વાંગી વિકાસ માટે દિવસ-રાત અવિરત કાર્ય કરી રહ્યા છે. ગુજરાત ભાજપ કોંગ્રેસના ભ્રામક પ્રચાર, અરાજક રાજકારણ અને યુવાનોને ગેરમાર્ગે દોરવાના દરેક પ્રયાસની સખત શબ્દોમાં નિંદા કરે છે.

## તંત્રીની કલમે

# હુથી લડવૈયાઓ સાઉદી સામે આરપારની લડાઈમાં ઉતર્યા

બાબ-અલ-મંદેબની ખાડી પણ ભૌગોલિક રીતે ખૂબ જ મહત્ત્વની છે. રાતા સમુદ્રમાં પ્રવેશ કરવા માટે આ ખાડીમાંથી પસાર થવું પડે છે. રાતા સમુદ્રના પ્રવેશ દ્વારા જેવી છે આ ખાડી. તેના કારણે તેને ગેટ ઓફ ટીયર્સ પણ કહેવાય છે. આ રસ્તેથી દુનિયાનું ૧૨ ટકા ક્રૂડ સપ્લાય થાય છે. જો આ રસ્તો બંધ થઈ જાય તો સમગ્ર એશિયા અને યુરોપમાં ક્રૂડની વ્યાપક તંગી ફેલાય તેમ છે : ઈરાનની કોઈ સરહદ બાબ-અલ-મંદેબ સાથે જોડાયેલી નથી. હોર્મુઝની ખાડીથી આ ખાડી અંદાજે ૧૨૦૦ માઈલ દૂર આવેલી છે. ઈરાન અહીંયા પ્રોક્સિ વોર કરી શકે છે. ઈરાનના ઈશારે હુથી લડવૈયાઓ મિસાઈલ અને ડ્રોન દ્વારા અહીંયા સાઉદીના જહાજો ઉપર હુમલા કરી રહ્યા છે. તેઓ માત્ર ૨૦ માઈલ પહોળી આ ખાડીને બંધ કરી શકે છે : આ રસ્તો બંધ થાય તો મોટાભાગનો યુરોપ-એશિયાનો વેપાર અટકી જાય. જો વેપાર કરવો હોય તો આફ્રિકાની દક્ષિણે થઈને ગોળ ફરીને જવું પડે. તેમાં ૯૦૦૦ કિ.મી. જેટલો પ્રવાસ વધી જાય. તેમાં અંદાજે ૧૦ થી ૧૪ દિવસનો વધારો સમય લાગી શકે. આ ખાડી બંધ થયા બાદ કિંમતોમાં આગ ઝરતી તેજી આવે તેમ છે

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલું યુદ્ધ હવે અલગ દિશામાં અને નવા ચરણમાં પ્રવેશતું હોય તેમ દેખાઈ રહ્યું છે. એક તરફ હોર્મુઝની ખાડી ઉપર તોળાઈ રહેલો ખતરો વધુ ગંભીર બન્યો છે ત્યાં હવે સાઉદી અરબ સાથે પણ ઈરાન અને તેના સમર્થક લડવૈયાઓ ખરાખરીનો ખેલ કરવાના મૂડમાં છે. તાજેતરમાં યમન ખાતેથી હુથી લડવૈયાઓ દ્વારા સાઉદીને બાબ અલ મંદેબ ખાતે જહાજો ઉડાવી દેવાની અને જળમાર્ગ ખોરવી કાઢવાની ધમકી આપવામાં આવી છે.અરબ સાગર અને રાતા સમુદ્ર સાથે જોડાયેલા આ જળવાર્ગ ઉપર પણ જો વિઘ્ન આવશે તો ભારત સહિત એશિયાના દેશો ઉપર મોટું સંકટ સર્જાશે.આ ઉપરાંત વિશ્વભરમાં ક્રૂડ અને ગેસની વ્યાપક તંગી ફરીથી ઊભી થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, ઈરાન સ્પષ્ટ રીતે જાણે છે કે, હોર્મુઝરની ખાડી બંધ થવાથી દુનિયાના ક્રૂડનો ૨૦ ટકા સપ્લાય બંધ થઈ ગયો છે. તેના કારણે વૈશ્વિક સ્તરે વ્યાપક નુકસાન થઈ રહ્યું છે અને અનેક દેશોના અર્થતંત્ર હાલકડોલક થવા માંડયા છે. હવે તેની નજર રાતા સમુદ્ર ઉપર છે.બાબ-અલ-મંદેબની ખાડી પણ ભૌગોલિક રીતે ખૂબ જ મહત્ત્વની છે.

**ઈલેવાન ઠાકર**

### સુરત ઉત્તરાણ પોલીસ ઈન્સ્પેક્ટર એન. જી. પટેલની માનવતાભરી કામગીરી

# અકસ્માતગ્રસ્ત વૃદ્ધા અને તેમના પુત્રને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા

**• જે. બી. ટાંક, પત્રકાર, સુરત**

સુરત શહેર પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં જ નહીં, પરંતુ માનવતાની સેવા કરવામાં પણ હંમેશાં આગળ રહે છે. તેનું જીવંત ઉદાહરણ ઉત્તરાણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન. જી. પટેલ દ્વારા જોવા મળ્યું. મળતી માહિતી મુજબ, એક વૃદ્ધા પોતાના પુત્ર સાથે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક સ્લીપ થઈ જતાં બંને રસ્તા પર પડી ગયા હતા. અકસ્માતમાં વૃદ્ધાને ઈજા પહોંચતા તેઓને તાત્કાલિક સારવારની જરૂર હતી. તે જ સમયે ઉત્તરાણ પોલીસ ઈન્સ્પેક્ટર એન. જી. પટેલ પોતાની સરકારી ગાડીમાં ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ઘટનાની ગંભીરતા સમજી તેમણે કોઈ વિલંબ કર્યા વિના પોતાની સરકારી ગાડીમાં વૃદ્ધા અને તેમના પુત્રને બેસાડી નજીકની હોસ્પિટલમાં પહોંચાડ્યા, જ્યાં તેમને તાત્કાલિક સારવાર મળી શકી. પોલીસ ઈન્સ્પેક્ટર  એન. જી. પટેલની આ સંવેદનશીલતા, ઝડપી નિર્ણયશક્તિ



અને માનવતાભરી કામગીરીને સ્થાનિક લોકોએ હૃદયપૂર્વક બિરદાવી હતી. તેમની આ પ્રશંસનીય કામગીરી ફરી એકવાર સાબિત કરે છે કે સુરત પોલીસ જનસેવા અને માનવતાના મૂલ્યોને સર્વોપરી માને છે. આ સુલભ કાર્ય ને પત્રકાર જયુભાઈ બી ટાંક દ્વારા પી આઈ એન જી પટેલ સાહેબ ની રૂબરૂ મુલાકાત લઈ એમની આ માનવતા ભરી સેવાકીય કામગીરી ને બિરદાવી હતી આવી સેવાભાવી કામગીરીથી સુરત પોલીસ પ્રત્યે નાગરિકોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

### મેયરે મધરાત્રે ન્યુ પર્વત સુએઝ પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લીધી

# ભારે વરસાદ બાદ વોટર લોગીંગની સ્થિતિ દૂર કરવા SMCની સતત અને સઘન કામગીરી

## પમ્પિંગ વ્યવસ્થા સતત કાર્યરત રહે તે માટે મેયર દ્વારા દિશા નિર્દેશો અપાયા

**• જે બી ટાંક પત્રકાર સુરત**

અઠવા ઝોન, નોર્થ ઝોન- કતારગામ, ઉધના ઝોન, વરાછા ઝોન-એ અને બી ના વિવિધ વિસ્તારો, સેન્ટ્રલ ઝોનમાં સપ્તશૃંગી મંદિર, ક્ષેત્રપાળ મંદિર, વિજય વલ્લભ ચોક ચાર રસ્તા, કાદરશાની નાળ, TNTV સ્કૂલ, જૂના RTO, હોડી બંગલા, ડચ  ગાર્ડન તથા ગોતાલાવાડી ત્રણ રસ્તા ક્રોસિંગ, ચૌટા બજાર, રાંદેર ઝોનના સરોજિની નાયડુ વેજીટેબલ માર્કેટ અને પાલ ગૌરવ પથ રોડના મોનાર્ક જંક્શન ખાતે વરસાદી પાણીનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી, જેથી પાણી ભરાવની સ્થિતિ દૂર થાય અને જનજીવન વહેલી તકે સામાન્ય બને. રસુલાબાદ ફ્લડ ગેટ ખાતે DG સેટ કાર્યરત કરી ડીવોટરિંગની કામગીરી હાથ ધરાઈ હતી. મેયર મતી માયાબેન માવાણીએ સ્થાનિક કોર્પોરેટરો અને અધિકારીઓ સાથે ન્યુ પર્વત સુએઝ પમ્પિંગ સ્ટેશનની મધરાત્રે સ્થળ મુલાકાત લઈ વરસાદી પરિસ્થિતિમાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી તથા પમ્પિંગ વ્યવસ્થા સતત કાર્યરત રહે તે માટે જરૂરી દિશા નિર્દેશ આપ્યા હતા. મેયર માયાબેન માવાણીએ ડે. મેયર સુધાકર શર્મા, સ્થાયી અધ્યક્ષ રાજન પટેલ, મ્યુ. કમિશનર એમ. નાગરાજન અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ICCC ખાતે સુરત મહાનગરપાલિકા, સુરત જિલ્લા વહીવટી તંત્ર તેમજ સુરત શહેર પોલીસના અધિકારીઓ સાથે ગત રોજ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પણ યોજી હતી અને સંભવિત વરસાદી સ્થિતિને પહોંચી વળવા મંથન કર્યું હતું. બેઠકમાં વરસાદી પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી જનસુરક્ષા, તાત્કાલિક પ્રતિસાદ અને રાહત કામગીરીને વધુ અસરકારક બનાવવા જરૂરી સૂચનાઓ આપી હતી.



# ‘ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસીન’ના પ્રમુખ તરીકે ડો. જિજ્ઞેશકુમાર પટેલની વરણી



**• જે બી ટાંક પત્રકાર સુરત**

‘ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટીશનર્સ એક્ટ-૧૯૬૩’ હેઠળ ‘ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસીન- ગુજરાત રાજ્ય’ના નવા પ્રમુખ તરીકે ડો.જિજ્ઞેશકુમાર ઉમેદભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે. ડો. જિજ્ઞેશકુમાર મૂળ ઉત્તર ગુજરાતના મહેસાણાના વતની છે અને હાલ દક્ષિણ ગુજરાતના સુરત ખાતે સ્થાયી થઈને તબીબી સેવાઓ આપી રહ્યા છે. કાઉન્સિલના પ્રમુખ તરીકે નિમણૂક પામવાની સાથે જ ‘ધી ગુજરાત ક્લીનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-૨૦૨૧’ની જોગવાઈઓ મુજબ તેઓને ગુજરાત સરકારની ‘ક્લીનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાઉન્સિલ’નું સભ્યપદ પણ પ્રાપ્ત થયું છે. આ અંગે ગુજરાતમાં નોંધાયેલા તમામ આયુર્વેદ તેમજ યુનાની શાખાના સ્નાતકો, તબીબો અને સંબંધિત સહયોગીઓને નોંધ લેવા ‘ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડીસીન’ના રજિસ્ટ્રારની યાદીમાં જણાવાયું છે.

# હવે રાતા સમુદ્ર સુધી યુદ્ધ પહોંચ્યું : હૂતીએ બે ટેન્કરો પર હુમલા કર્યા : યુએસે સતત 12મી રાતે ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા

**• વોશિંગ્ટન**

અમેરિકાએ સાઉદી અરબ સાથે નાગરિક પરમાણુ સંધિ કરતા ઈરાન ભડક્યું છે. મધ્ય પૂર્વમાં યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે, જ્યાં અમેરિકી સેનાએ સતત 12મી રાત્રીએ ઈરાન પર હુમલા કર્યા. ઈરાનના રામગીર અને અરબાઝ શહેરો તેમજ બુશહર પ્રાંતમાં મિસાઈલ હુમલા થયા, જેમાં 2ના મોત થયા. યમનના હૂતીઓએ રાતા સમુદ્રમાં નાકાબંધી કરી, જેના કારણે તણાવ વધુ વધ્યો છે.

જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ મીડલ ઈસ્ટમાં યુધ્ધ ઉગ્ર અને ઉગ્ર બનતું જાય છે. અમેરિકી સેનાએ સતત ૧૨મી રાત્રીએ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકી સેનાનું કહેવું છે કે આ હુમલાનો હેતુ ઈરાનની સેનાની તાકાત તોડવાનો છે. તેઓ જ હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો ઉપર હુમલા કરે રાખે છે. આથી અમેરિકા હોર્મુઝ કંટ્રોલ કરવા માગે છે.

બીજી તરફ રાતા સમુદ્રમાં ઈરાનના યમન સહયોગી હૂતીએ નાકાબંધી શરૂ કરી દીધી છે. સઉદી અરબના તટ પાસે રહેલા બે ટેન્કરો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ હવે યુદ્ધ રાતા સમુદ્ર સુધી પહોંચ્યું છે.અમેરિકાએ સઉદી અરબ સાથે નાગરિક પરમાણુ સંધી કરતાં ઈરાન ખરેખરું ભડકયું છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે બુધવારે સાંજે જાહેર કર્યુ હતું કે, અમેરિકાએ સતત ૧૨મી રાત્રીએ ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા છે.

### મુખ્ય સચિવ  એમ કે દાસ ઉપસ્થિત રહ્યાં

# મુખ્યમંત્રી ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા

## વલસાડ જિલ્લા ની સ્થિતિ અંગે તાગ મેળવ્યો




**• જે બી ટાંક પત્રકાર ગુજરાત**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગર ના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચીને  ભારે વરસાદને કારણે ખાસ કરીને દક્ષિણ ગુજરાત માં ઉભી થયેલ સ્થિતિની તલ સ્પર્શી વિગતો મેળવી સમીક્ષા કરી હતી. તેમણે વલસાડ જિલ્લા ની સ્થિતિ અંગે મંત્રી  નરેશ પટેલ અને કલેકટર સાથે મોબાઈલ થી વાત કરી બચાવ રાહત ની વિગતો મેળવી જરૂર પડે એન ડી આર એફ ની વધારા ની ટીમ મોકલવા પણ ખાતરી આપી હતી. સુરત અને નવસારી કલેકટર સાથે પણ વાત કરી ને  નીચાણ વાળા વિસ્તારો અને પાણી ભરાયેલા વિસ્તારોના લોકોને સલામત સ્થળે ખસેડવા સૂચના કરી છે. મુખ્ય સચિવ  એમ કે દાસ અને વરિષ્ઠ સચિવો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા

### આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ

# કામરેજ તાલુકામાં વેગવાન બની રાહત અને બચાવ કામગીરી

## અસરગ્રસ્ત પરિવારોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા

**• જે બી ટાંક પત્રકાર સુરત**

આરોગ્ય રાજ્ય મંત્રી તથા કામરેજના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના પ્રત્યક્ષ માર્ગદર્શન અને સતત દેખરેખ હેઠળ ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા કામરેજ વિસ્તારમાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.મંત્રીશ્રીના સૂચન અનુસાર ગ્રાઉન્ડ ઝીરો પર તા.પં.ના પ્રમુખ કૌશલભાઈ, સુચેતનભાઈ, મહેશભાઈ, જિ.પં.સભ્ય પરેશભાઈ, વેલંજાના કોર્પોરેટર મનીષાબેન ખેર, પ્રફુલભાઈ, જયસુખભાઈ અજોડિયા, તા.પં.સભ્ય કિશોરભાઈ દુધાત સહિત જિલ્લા,તાલુકા પંચાયતની સમગ્ર ટીમ તથા સંગઠનના કાર્યકર્તાઓ આખી રાત પ્રશાસન સાથે ખડેપગે રહ્યા હતા. આ સંયુક્ત ટીમે નીચાણવાળા અને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પરિવારોને સુરક્ષિત સ્થળે પહોંચાડવાની કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી. ચીખલી ગામના સિંગોડી ફળિયામાં પાણી ભરાવાની સ્થિતિને ધ્યાને લઈ કુલ ૩૧ વ્યક્તિઓનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. જે પૈકી ૧૮ વ્યક્તિઓને સ્થાનિક શાળામાં અને ૧૩ વ્યક્તિઓ પોતાના સગા-સંબંધીઓને ત્યાં આશ્રય મેળવ્યો છે. આ તમામ નાગરિકો માટે સવારના નાસ્તા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી.રાજીવનગર અને રામકિશન કોલોનીમાંથી સ્થળાંતરિત કરાયેલા અંદાજે ૧૦૦થી ૧૧૦ અસરગ્રસ્તોને આશ્રય આપવામાં આવ્યો છે. અહીં આશ્રય મેળવેલા



લોકો માટે ભોજન, શુદ્ધ પીવાનું પાણી, દવા સહિત અન્ય પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે.મંત્રી શ્રી પાનશેરીયા વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને સ્થાનિક પ્રશાસન સાથે જીવંત સંપર્કમાં રહીને જરૂરિયાત મુજબ તાત્કાલિક રાહત-બચાવ સામગ્રી પહોંચાડવા માટે જરૂરી દિશાનિર્દેશો આપી રહ્યા છે.ભારે વરસાદની આ પરિસ્થિતિમાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ તમામ નાગરિકોને ધૈર્ય જાળવવા અને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે. તેમણે નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો છે. કોઈપણ આપાતકાલીન સ્થિતિ કે મદદની જરૂરિયાત જણાય તો તાત્કાલિક સ્થાનિક પ્રશાસન અથવા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવ્યુ છે.

### B-1 બોમ્બરની તાકાત અને હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ

# ઈરાન સામે પહેલીવાર અમેરિકાએ ઘાતક B-1 બોમ્બર વિમાન ઉતાર્યું, મહાયુદ્ધના ભણકારાં

**રેડ સીમાં હૂથી બળવાખોરોનો હુમલો અને શાંતિ વાટાઘાટો**

**• વોશિંગ્ટન**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વધુ ઉગ્ર બન્યો છે. અમેરિકન સેનાએ મંગળવારે B-1 લાન્સર બોમ્બરનો ઉપયોગ કરીને ઈરાનના IRGC ઠેકાણાઓ પર હુમલો કર્યો. બ્રિટનના એરબેઝ પરથી ઉડાન ભરીને, આ શક્તિશાળી બોમ્બરે ઈરાનના સૈન્ય મથકો, ડ્રોન સ્ટોરેજ અને દરિયાઈ ક્ષમતાવાળા ઠેકાણાઓને નિશાન બનાવ્યા. આ હુમલો હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની તાકાત ઘટાડવા માટે કરાયો હતો.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતી જંગ હવે વધુ ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે. અમેરિકન સેનાએ મંગળવારે પ્રથમ વખત B-1 લાન્સર લોંગ-રેન્જ બોમ્બરનો ઉપયોગ કરીને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના ઠેકાણાઓ પર ભીષણ હુમલો કર્યો છે. અમેરિકન અધિકારીઓના જણાવ્યા મુજબ, 12 દિવસ પહેલા યુદ્ધ ફરી શરૂ થયા બાદ આ પહેલીવાર બન્યું છે જ્યારે B-1 લાન્સર બોમ્બરને મિશન પર મોકલવામાં આવ્યું હોય.



B-1 બોમ્બર અમેરિકન વાયુસેનાનું સૌથી શક્તિશાળી વિમાન છે, જે ઓછી ઊંચાઈ પર અવાજ કરતાં પણ વધુ ઝડપે ઉડીને સૌથી વધુ વજનના બોમ્બ લઈ જઈ શકે છે. આ વિમાન 2,000 પાઉન્ડના બે ડઝન જેટલા બોમ્બ અથવા ડઝનબંધ મિસાઈલ લઈ જવા માટે સક્ષમ છે અને તેણે બ્રિટનના એરબેઝ પરથી ઉડાન ભરી હતી. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ બોમ્બરે ઈરાનના સૈન્ય મથકો, ડ્રોન સ્ટોરેજ, વિમાન હેંગર અને દરિયાઈ ક્ષમતા વાળા ઠેકાણાઓ પર હુમલા કર્યા છે, જેથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પર હુમલો કરવાની ઈરાનની તાકાતને નબળી પાડી શકાય.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે હજુ પણ મોટા સૈન્ય અભિયાન પર વિચાર કરી રહ્યા છે અને આગામી દિવસોમાં આ લડાઈ વધુ તીવ્ર બની શકે છે. ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પર હુમલા ચાલુ રાખ્યા, તો અમેરિકા તેહરાન સહિત ઈરાનના પુલો અને પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવી શકે છે. બીજી તરફ, અમેરિકાના વ્યાપક હુમલા છતાં ઈરાનનું વલણ નરમ પડ્યું નથી અને તેણે પણ અમેરિકન સાથી ખાડી દેશોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાની ધમકી આપી છે.

બીજી તરફ, ઈરાનની ઉશ્કેરણીથી યમનના હૂથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના બંદરો પર નાકાબંધીની જાહેરાત કરીને સાઉદી જહાજો પર પહેલો હુમલો કરી દીધો છે. જેના કારણે અનેક કોમર્શિયલ જહાજોએ પોતાના રસ્તા બદલી નાખ્યા છે. આ દરમિયાન કતાર અને ઓમાનની મધ્યસ્થતાથી હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને યુદ્ધ રોકવાના પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ ઈરાને નવો પ્રસ્તાવ સ્વીકાર્યો ન હોવાથી હજુ સુધી કોઈ નક્કર સફળતા મળી નથી. જોકે, પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનને ભારે નુકસાન થઈ રહ્યું છે અને તે બહુ જલ્દી સમજૂતી માટે તૈયાર થઈ જશે.

### ગુજરાત અને મહારાષ્ટ્રમાં મેઘતાંડવ

# ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસ્યા, રસ્તાઓ પર ડૂબી કારો

**• અમદાવાદ**

ચોમાસાની આક્રમક પધરામણી સાથે દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ, જળબંબાકાર અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીરમાં નદી-નાળાં બે કાંઠે છલકાઈ રહ્યા છે, મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને રહેણાંક વિસ્તારોમાં ઘરો તેમજ દુકાનો સુધી પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદને કારણે સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે. અહીં પૂરની સ્થિતિ વચ્ચે આશરે 1,200 લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે અને હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા રાહત કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતનો વલસાડ જિલ્લો આ વરસાદમાં સૌથી વધુ પ્રભાવિત થયો છે. ઉમરગામ તાલુકામાં 24 કલાકમાં 1,100 મિલીમીટરથી વધુ અતિભારે વરસાદ નોંધાયો છે. જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ 600 મિલીમીટરથી વધુ વરસાદ પડ્યો છે. વાપી, ગુંજન, ડુંગરી ફળિયા અને વાપી રેલવે અંડરપાસ પાણીમાં ડૂબી ગયા છે. રસ્તાઓ પર પાર્ક કરેલી ગાડીઓ માત્ર છત દેખાય તેટલી ડૂબી ગઈ છે.વલસાડની અનેક સોસાયટીઓ અને એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં પૂરના પાણી ભરાઈ ગયા છે. પાર્કિંગમાં રાખેલા વાહનો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. 22 જુલાઈના રોજ વલસાડમાં માત્ર 10 કલાકમાં 243 મિલીમીટર વરસાદ પડ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર સમુદ્ર જેવા દ્રશ્યો સર્જાયા હતા. રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના જણાવ્યા મુજબ આપદા વ્યવસ્થાપન ટીમ સતત તૈનાત છે.

સુરતમાં આશરે 1,500 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નવસારી જિલ્લામાં કાવેરી નદીની જળસપાટી વધતાં 11 ગામોમાંથી 200 લોકોને ઉગારી લેવાયા છે. તાપી જિલ્લામાં વરસાદને કારણે 1 વ્યક્તિનું મોત થયું છે. NDRF, SDRF, ભારતીય વાયુસેના અને તટરક્ષક દળને એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

સુરતના ઉધના-નવસારી મુખ્ય માર્ગ પર ભારે પાણી ભરાતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. ઉમરપાડા, બારડોલી, મહુવા, કામરેજ અને પલસાણા તાલુકામાં ભારે વરસાદ થયો છે. પાંડેસરા વિસ્તારમાં બોટની મદદથી 40 લોકોને ઉગારાયા છે. સુરતમાં NDRF ની 2 અને SDRF ની 5 ટીમો કાર્યરત છે.

### ન્યૂયૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલાને ઈરાને યાદ કરાવ્યો

# ''9/11 જેવા હુમલા થશે'' : ટ્રમ્પની ધમકી સામે ઈરાને અમેરિકાને વળતી ભયંકર ધમકી

**• વોશિંગ્ટન**

અમેરિકા દ્વારા હોર્મુઝ સ્ટ્રેઈટસમાંથી પસાર થતા જહાજો પર હુમલાની ધમકીના જવાબમાં ઈરાને વળતી ધમકી આપી છે. ઈરાને કહ્યું કે જો અમેરિકા હુમલા બંધ નહીં કરે, તો અમેરિકામાં 'રાષ્ટ્રીય શોક' છવાઈ જશે. ઈરાનના સંસદસભ્ય મોહમ્મદ બાધેર ઘાવીબાફે ન્યૂયૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર 9/11/2001ના બિન-લાદેનના હુમલાની યાદ અપાવી હતી.

તહેરાન : હોર્મુઝ સ્ટ્રેઈટસમાંથી પસાર થતા જહાજો ઉપર હુમલા કરવા સામે ડૉનાલ્ડ ટ્રમ્પે ઈરાનને આપેલી ધમકીના જવાબમાં ઈરાને વળતી ધમકી આપતા કહ્યું હતું કે, 'જો અમેરિકા હુમલા બંધ નહીં કરે તો ઈરાન તેવું પગલું ભરશે કે જેથી અમેરિકામાં 'રાષ્ટ્રીય શોક' છવાઈ જશે.

આ અંગે વિશ્લેષકોનું સહજ અનુમાન છે કે, 'આ દ્વારા ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે પાકિસ્તાન સ્થિત વૈશ્વિક ત્રાસવાદી ઓસામા-બિન-લાદેન દ્વારા ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કરાયેલા વિમાની હુમલાની યાદ આપી હતી.



ઈરાનની 'મજલિસ' (સંસદ)ના આધારે અને વરિષ્ઠ મંત્રણાકાર મોહમ્મદ બાધેર ઘાવીબાફે તેવી ચેતવણી ઉચ્ચારી હતી કે જો ઈરાન તેનું તેલ વેચી નહીં શકે તો બીજો કોઈપણ દેશ વેચી નહીં શકે. (અમે વેચવા નહીં દઈએ) જ્યાં સુધી અમેરીકી દળો રહેશે ત્યાં સુધી હોર્મુઝ સલામત નહીં રહે. તેનું સમીકરણ બહુ સીધું છે. ઈરાનની સલામતી અંગે ગેરેન્ટી નહીં આપવામાં આવે ત્યાં સુધી હોર્મુઝ બંધ રહેશે.બીજી તરફ ઈરાનના સ્ટેટ મીડિયાએ જણાવ્યું હતું કે, અમેરિકા જો અમારી એનર્જી- ફેસીલીટીઝ પર હુમલા ચાલુ રાખશે તો ઈરાન અમેરિકામાં જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ (પાયાની સવલતો) ઉપર હુમલા કરે જ રાખશે તો સમગ્ર અમેરિકા શોકમાં ડૂબી જશે તેવો વળતો ફટકો મારવામાં આવશે.

ઈરાનની સ્ટેટ ન્યૂઝ એજન્સીએ આપેલા આ અહેવાલનું સીધું અર્થઘટન તે ઈ શકે કે આ દ્વારા ઈરાને ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૧ના દિવસે પાકિસ્તાન- અફઘાન સરહદે રહેલા વૈશ્વિક આતંકવાદી ઓસામા- બિન લાદેને ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર્સના ટ્વિન ટાવર્સ ઉપર આતંકીઓએ વિમાન દ્વારા કરેલા હુમલાનો આડકતરો ઉલ્લેખ કર્યો હતો, ઈરાન- અમેરિકા વચ્ચે તંગદિલી સતત વધતી જ જાય છે. ટ્રમ્પે ઈરાનના પૂલો અને પાવર પ્લાન્ટ્સ ઉડાડી દેવાની ધમકી ઉચ્ચારી છે તો તે સામે ઈરાને, સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ના દિવસે ન્યૂયોર્કના ટ્વિન ટાવર્સ ઉપર કરાયેલા વિમાની હુમલાની યાદ આપી છે.જો ઈરાન, અમેરિકાની ઓળખ સમગ્ર સ્થાનોને અમેરિકામાં જ ગુપ્ત રીતે રહેલા તેના આતંકીઓ દ્વારા ઉડાડી મૂકે તો ઈરાન પર અમેરિકા મોતનો જ વરસાદ કરે તે નિશ્ચિત છે પરંતુ જેમ ૯/૧૧ પછી 'ટ્વિન ટાવર્સ' એક સ્મરણ બની રહ્યા તેમ જ ઈરાન અમેરિકાના સીમાચિહ્નરૂપ સ્થળો પૈકી કોઈને પણ 'સ્મરણ માત્ર' બનાવી શકે તેવી સ્પષ્ટ ભીતિ રહેલી છે.

### સંસ્થાના શિલ્પી પૂ.મુક્તાનંદ બાપુના વરદ હસ્તે લોકાર્પણ

# શ્રી બ્રહ્માનંદ વિદ્યામંદિર ચાપરડામાં સંસ્કૃત અધ્યન કક્ષનું લોકાર્પણ કરવામાં આવ્યું

**સંસ્કૃત ભાષાના સંવર્ધન અને પ્રસાર માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ અપાયો**

**• સી. વી. જોશી વિસાવદર**

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના આર્થિક સહયોગથી શ્રી બ્રહ્માનંદ વિદ્યામંદિર ચાપરડા ખાતે સંસ્કૃત શિક્ષણને વધુ પ્રોત્સાહન મળે તેવા શુભ હેતુથી નિર્મિત સંસ્કૃત અધ્યન કક્ષનું લોકાર્પણ સંસ્થાના શિલ્પી શ્રી મુક્તાનંદજીબાપુના શુભ હસ્તે સંસ્કૃત અધ્યન કક્ષનું લોકાર્પણ કરવામાં આવ્યું.

ત્યારબાદ પૂ.મુક્તાનંદજી બાપુએ વિષયને અનુરૂપ આશીર્વચનો સાથે સંસ્કૃત ભાષાના મહિમા પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે સંસ્કૃત માત્ર એક પ્રાચીન ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન, દર્શન, વિજ્ઞાન અને આધ્યાત્મિક પરંપરાનું અમૂલ્ય ભંડાર છે. વેદો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત જેવા અવિનાશી ગ્રંથો સંસ્કૃત



ભાષામાં રચાયેલા છે, જે માનવજીવનને મૂલ્યનિષ્ઠ અને સંસ્કારસભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વર્તમાન સમયમાં નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત પણ સંસ્કૃત ભાષાના અભ્યાસને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સંસ્કૃતનો અભ્યાસ વિદ્યાર્થીઓમાં ભાષાકૌશલ્ય, તાર્કિક વિચારશક્તિ, ઉચ્ચારશુદ્ધિ, સ્મરણશક્તિ તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવામાં મદદરૂપ બને છે. સંસ્કૃત કક્ષ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ, સંવાદ અને સંસ્કૃત પ્રવૃત્તિઓનું જીવંત કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભવો સંસ્થાના અધ્યક્ષશ્રી અર્જુનસિંહ રાઠોડ, નિયામકશ્રી કમલેશભાઈ ધાધલ, જગદિશ્વરાનંદજી તથા પંજાબ થી પધારેલ ભંગુસિંહ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય શ્રીભાવિનભાઈ જોશીના માર્ગદર્શન નીચે સુચારુ રીતે સંપન્ન થયું હતું. તથા કાર્યક્રમનું સંચાલન સંયોજક વી.સી.ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે સૌએ સંસ્કૃત ભાષાના સંવર્ધન અને પ્રસાર માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. તેમ ભાવિનભાઈ જોશીની અખબાર યાદી જણાવે છે.

### ટેસ્લા-સ્પેસએક્સના શેર ધડામ

# ઈલોન મસ્કને મોટો ઝટકો, 1 જ દિવસમાં 44.4 અબજ ડૉલર ગુમાવ્યા

**• નવી દિલ્હી**

ઈલોન મસ્કની કંપની ટેસ્લા (Tesla)ના શેર્સમાં બુધવારે, 22 જુલાઈના રોજ આશરે 5%નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે જ ઈલોન મસ્કની બીજી કંપની સ્પેસએક્સ (SpaceX) ના શેર્સમાં પણ 6%થી વધુનો કડાકો બોલ્યો હતો. કંપનીઓના શેર્સ તૂટવાના કારણે ઈલોન મસ્કને એક જ દિવસમાં 44.4 અબજ ડૉલરનું જંગી નુકસાન વેઠવું પડ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, હવે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની કુલ સંપત્તિ ઘટીને 745 અબજ ડૉલર રહી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ ઈલોન મસ્ક ટ્રિલિયોનર બન્યા હતા.

એપ્રિલથી જૂન ત્રિમાસિક ગાળાના મિશ્ર પરિણામો જાહેર કર્યા બાદ ટેસ્લાના શેર્સમાં આ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, કંપનીની આવક અપેક્ષા કરતાં વધુ રહી હતી, પરંતુ નફામાં મોટો ઘટાડો અને નેગેટિવ ફ્રી કેશ ફ્લોને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો હતો. એક્સટેન્ડેડ ટ્રેડિંગમાં ટેસ્લાના શેર 4.4% ઘટીને 374.01 ડૉલર પર આવી ગયા હતા. જ્યારે નિયમિત કારોબારમાં પણ શેર 1.3% તૂટ્યો હતો અને વર્ષ 2026માં અત્યાર સુધીમાં આ શેર 15% જેટલો નીચે આવી ચૂક્યો છે.ટેસ્લાની આ ત્રિમાસિક ગાળામાં કુલ આવક 28.24 અબજ ડૉલર રહી હતી, જે ગયા વર્ષના સમાન ગાળા કરતાં 26% વધુ છે. પરંતુ, કંપનીની શેર દીઠ કમાણી (EPS) માત્ર 0.33 ડૉલર રહી હતી, જે વોલ સ્ટ્રીટની 0.51 ડૉલરની અપેક્ષા કરતાં ખૂબ ઓછી છે. આ સમયગાળા દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો (Net Profit) પણ ગયા વર્ષની સરખામણીએ 5% ઘટીને 1.11 અબજ ડૉલર થઈ ગયો હતો.કંપનીના ઓટોમોબાઈલ બિઝનેસની આવક વાર્ષિક ધોરણે 23% વધીને 20.52 અબજ ડૉલર થઈ છે. આ સિવાય, એનર્જી બિઝનેસમાં પણ આવક 13% વધીને 3.14 અબજ ડૉલર પર પહોંચી છે, જેમાં સોલર એનર્જી અને બેટરી સ્ટોરેજ સિસ્ટમનો સમાવેશ થાય છે. જોકે, કારની સરેરાશ વેચાણ કિંમતમાં ઘટાડો થવાને કારણે ટેસ્લાનું કુલ પ્રોફિટ માર્જિન ઘટી ગયું હતું, જેના લીધે ગ્રોસ માર્જિન અગાઉના 17.2%થી ઘટીને 16.8% રહી ગયું છે.ટેસ્લા માટે બીજી સૌથી મોટી ચિંતા તેનો નેગેટિવ કેશ ફ્લો છે, જેમાં આ ત્રિમાસિક ગાળા દરમિયાન 1.1 અબજ ડૉલરનો ઘટાડો નોંધાયો છે. આ સિવાય, કંપનીનો કેપેક્સ (મૂડી ખર્ચ) બમણાથી વધુ વધીને 5.79 અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે, જે વાર્ષિક ધોરણે 142% નો જંગી વધારો દર્શાવે છે. ઈલોન મસ્કની આ કંપનીના સીએફઓ વૈભવ તનેજાના જણાવ્યા અનુસાર, વર્ષ 2026 અને ત્યારબાદ પણ ટેસ્લાના કામકાજના ખર્ચમાં વધારો થતો રહેશે, જેમાં કાચા માલની ઊંચી કિંમતો અને વ્યાજદરમાં આવતા ફેરફારો કંપનીના ખર્ચને વધુ વધારશે.

### ન્યુક્લિયર ડીલ પર ટ્રમ્પનો મોટો દાવ

# અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાવાની મુખ્ય શરત

**યુએઈ અને ઈરાન પાસે રહેલી સુવિધાઓ જેવી જ સુવિધા મળશે**

**• વોશિંગ્ટન**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથે સિવિલ ન્યુક્લિયર ડીલ માટે મોટી શરત મૂકી છે. સાઉદી અરેબિયાએ ઈઝરાયેલ સાથે સંબંધ સુધારવા અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાશે તો જ આ કરાર થશે. લાલ સમુદ્રમાં સાઉદી તેલ ટેન્કરો પર હુમલા બાદ તેમણે હુથી વિદ્રોહીઓ અને ઈરાનને પણ ગંભીર પરિણામોની ધમકી આપી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે (US President Donald Trump) સાઉદી અરેબિયા સાથેની નાગરિક પરમાણુ ડીલ માટે એક મોટી શરત મૂકી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે સાઉદી અરેબિયાએ ઈઝરાયેલ સાથે સંબંધ સુધારવા માટે અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાવું પડશે. આ સિવાય તેમણે લાલ સમુદ્રમાં સાઉદી તેલ ટેન્કરો પર થયેલા હુમલા બાદ હુથી વિદ્રોહીઓ અને ઈરાનને પણ ભારે પરિણામો ભોગવવાની ધમકી આપી છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, 'અમેરિકી ઊર્જા વિભાગ અને સાઉદી અરેબિયા વચ્ચે થઈ રહેલો સિવિલ ન્યુક્લિયર કરાર ફક્ત ગેર-સૈન્ય ઉપયોગ માટે છે. આમાં યુરેનિયમ સંવર્ધનની મંજૂરી આપવામાં આવશે નહીં. આ કરારની મંજૂરી સંપૂર્ણપણે સાઉદી અરેબિયાના અબ્રાહમ એકોર્ડ્સમાં સામેલ થવાની શરત પર જ નિર્ભર રહેશે.' આ પરમાણુ સુવિધા યુએઈ અને ઈરાન પાસે રહેલી સુવિધાઓ જેવી જ રહેશે. બીજી એક પોસ્ટમાં ટ્રમ્પે લાલ સમુદ્રમાં 2 સાઉદી તેલ ટેન્કરો પર તાજેતરમાં થયેલા હુમલા પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે યાદ અપાવ્યું કે 1 વર્ષ પહેલા અમેરિકાએ કોમર્શિયલ જહાજો પરના હુમલાના જવાબમાં હુથીઓ સામે સખત સૈન્ય કાર્યવાહી કરી હતી. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા-ઈરાન સંઘર્ષ દરમિયાન હુથીઓનું વલણ જવાબદારીપૂર્વકનું હતું, પરંતુ 2 સાઉદી જહાજો પર હુમલો કરીને તેમણે ફરી ઉપદ્રવ શરૂ કર્યો છે.

### આસીયાન દેશોના વિદેશમંત્રીઓની મનીલામાં

# એસ. જયશંકર બ્રુની, પાપુઆ ન્યુ ગીનીના વિદેશમંત્રીઓને મળ્યા

**ઈન્ડો. પેસિફિક વિસ્તારની પ્રાથમિકતાઓની ચર્ચા કરી**

**• નવી દિલ્હી**

મનીલામાં યોજાયેલી આસિયાન દેશોના વિદેશમંત્રીઓની પરિષદમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બ્રુની અને પાપુઆ ન્યુ ગિનીના વિદેશમંત્રીઓ સાથે સઘન મંત્રણા કરી. ઈન્ડો-પેસિફિક વિસ્તારની પ્રાથમિકતાઓ, ઉભરતી ટેકનોલોજી, AI અને ડિજિટલ ક્ષેત્રે નવી તકો પર ચર્ચા થઈ. ચીનનો પ્રભાવ રોકવા બ્રુની (તેલ સમૃદ્ધ) અને પાપુઆ ન્યુ ગિની (વ્યૂહાત્મક સ્થાન) સાથે સંબંધો ગાઢ બનાવવા પર ભાર મુકાયો.

અહીં મળી રહેલી એસોસીએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ આસીયાન દેશોના વિદેશમંત્રીઓની બે દિવસની પરિષદ દરમિયાન ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બુરની અને પાપુઆ ન્યૂ ગીનીના વિદેશ મંત્રીઓ સાથે સઘન મંત્રણા યોજી હતી અને ઈન્ડો પેસિફિક વિસ્તારની પ્રાથમિકતાઓની ચર્ચા કરી હતી. તેઓએ બુરનીના વિદેશમંત્રી પ્રિન્સ અબ્દુલ માતીન તથા પાપુઆ ન્યૂ ગિનિના વિદેશમંત્રી, જસ્ટીન ડબલ્યુ તત્કાય શેંકો સાથે સઘન મંત્રણાઓ કરી હતી. દ્વિપક્ષીય સરકાર, ઉત્કર્ષ પામતી ટેક્નોલોજી, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વિષે મંત્રણા કરી હતી.ભારતે હાથ ધરેલી એક્ટ ઈસ્ટ પોલીસીના ભાગરૂપે



વિદેશમંત્રીએ બુરનીના વિદેશ મંત્રી, પ્રિન્સ અબ્દુલ માલીનને તેમના આ નવા પદ ઉપર કરાયેલી નિયુક્તિ બદલ અભિનંદનો પણ આપ્યા હતા સાથે ઝડપભેર પલટાઈ રહેલી ટેક્નોલોજી, એ.આઈ., ડ્રોન્સ તથા ડીજીટલ ક્ષેત્રે ઉઘડતી નવી તકોની ચર્ચા કરી હતી.પાપુઆ ન્યૂ ગીનીના વિદેશમંત્રી જસ્ટીન ડબલ્યુ તત્કાએન્કો સાથે ઉક્ત વિષયોની તો ચર્ચા કરી જ હતી પરંતુ તે સાથે ઈન્ડો-પેસેફિક વિસ્તારના પ્રશ્નો વિષે ચર્ચા કરી જ હતી પરંતુ તે સાથે ઈન્ડો પેસેફિક વિસ્તારના પ્રશ્નો વિષે ચર્ચા કરી હતી અને ફોરમ ફોર ઈન્ડિયા પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન (એફ.આઈ.પી.આઈ.સી.) મજબૂત કરવા ઉપર ભાર મૂક્યો હતો.

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

### અંબિકા નદી અને ઓલણ ખાડીના જળસ્તરમાં વધારો થતાં વહીવટી તંત્ર એલર્ટ

# સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં ભારે વરસાદથી પૂરની સ્થિતિઃ નીચાણવાળા વિસ્તારોમાંથી ૨૯૫ લોકોનું સુરક્ષિત સ્થળાંતર

**સ્થળાંતરિત કરાયેલા નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા રહેવા, જમવા અને આશ્રયની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ**







**• જે બી ટાંક સુરત**

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડવાથી નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં વરસી રહેલા અવિરત ભારે વરસાદના કારણે પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને અંબિકા નદી, ઓલણ નદી (ખાડી) અને કોરવ ખાડીના જળસ્તરમાં વધારો થવાના કારણે તેમજ તરકાણી ગામનું તળાવ ઓવરફ્લો થવાથી આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા છે. અંબિકા તાલુકાના મોજે ઉમરા, કાંકરીયા, ભોરિયા, વાંક, હળદવા, મહુવરીયા અને તરકાણી સહિતના કુલ ૭ ગામોમાંથી કુલ ૨૯૫ જેટલી વ્યક્તિઓનું સલામત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. સ્થળાંતરિત કરાયેલા નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા રહેવા, જમવા અને આશ્રયની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ માટે વહીવટી તંત્ર દ્વારા ઉમરા મુખ્ય પ્રાથમિક શાળા અને તરકાણી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે સરકારી આશ્રય સ્થાનો કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે પરસ્પર સહયોગથી ઘણા પરિવારોને તેમના સગા-સંબંધીઓના ઘરે તેમજ પડોશમાં આવેલા ઊંચાઈવાળા સુરક્ષિત મકાનો પર વહીવટી તંત્રની દેખરેખ હેઠળ ખસેડવામાં આવ્યા છે. ગામવાર વિગતો જોઈએ તો, ઉમરામાંથી ૬૦ વ્યક્તિઓ, કાંકરીયામાંથી ૫૪ વ્યક્તિઓ, ભોરિયામાંથી ૬૦ વ્યક્તિઓ, વાંકમાંથી ૯ વ્યક્તિઓ, હળદવા ગામમાંથી ૬૩ વ્યક્તિઓ, મહુવરીયામાંથી ૬ વ્યક્તિઓ અને તરકાણી ગામમાંથી ૪૩ વ્યક્તિઓનું સ્થળાંતર કરાયું છે.તા.૨૩મી જુલાઈ-૨૦૨૬ના રોજ વહેલી સવારથી જ જિલ્લા વહીવટી તંત્ર અને અંબિકા તાલુકા મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી દ્વારા યુદ્ધના ધોરણે બચાવ અને પ્રભાવિત ગામોમાં પહોંચીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા પરિવારોને સુરક્ષિત સ્થળોએ સ્થાળંતર કરવામાં આવ્યા છે.

### સુરત જિલ્લાનાં માંડવી તાલુકા ખાતે

# ૪૯ વ્યક્તિઓનું વી.એફ.હાઈસ્કૂલ ખાતે સુરક્ષિત સ્થળાંતર કરાયું





**• જે બી ટાંક સુરત**

સુરત જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે સતત સ્થળાંતરની કામગીરી કરાઈ રહી છે. જે અંતર્ગત સુરતના માંડવી તાલુકાના ધોબાણી નાકા વિસ્તારમાંથી નગરપાલિકાના ફાયર સ્ટાફ દ્વારા ૪૯ વ્યક્તિઓનું વી.એફ.હાઈસ્કૂલ ખાતે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. જ્યાં તેમના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, નીચાણવાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવવા અનુરોધ કરાયો છે.

### શહેરભરમાં 'હાઈ ટાઈડ' વચ્ચે નાગરિકોને ઘરેથી ન નીકળવા અપીલ કરાઈ

# સુરત મહાનગરપાલિકા દ્વારા નીચાણવાળા વિસ્તારોમાંથી અસરગ્રસ્તોને રેસ્ક્યુ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત

**• જે બી ટાંક પત્રકાર સુરત**

છેલ્લા ૨૪ કલાકથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતને ધમરોળતા વરસાદ વચ્ચે શહેરમાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વહીવટી તંત્રની વિવિધ ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨૪*૭ રેસ્ક્યુ કામગીરી ચાલી રહી છે. SMC કમિશનરના માર્ગદર્શન લિંબાયત ઝોનના ગીતા નગરમાંથી ૮, વરાછા ઝોનમાં શીતળા માતા મંદિર પાસેથી ૨, ઉધના ઝોનના કૃષ્ણા નગર પાંડેસરા વિસ્તારમાંથી ૪૦ લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. તેમજ લિંબાયત ઝોનના મીઠીખાડી વિસ્તારમાં પાણીમાં ફસાયેલા એક વ્યક્તિનું રેસ્ક્યૂ કરી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ, બચાવ કામગીરી અને જરૂરી સ્થળોએ બોટ સહિતના સાધનો દ્વારા લોકોને સલામત સ્થળે પહોંચાડવાની કામગીરી ચાલુ રાખવામાં આવી છે.



વધુમાં પાલિકા કમિશનર એમ.નાગરાજને જણાવ્યું હતું કે, હાલ શહેરમાં પરિસ્થિતિ કાબુમાં છે. તેમજ જે લો લાઈન વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે ત્યાં પાણીના યોગ્ય નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત છે. સાથે જ પાણી ભરાયેલા વિસ્તારોમાંથી સતત લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડી તેમના રહેવા, જમવાની સુવિધા કરાઈ હોવાનું જણાવ્યું હતું. કમિશનરએ હાઈ ટાઈડની પરિસ્થિતિ વચ્ચે શહેરીજનોને ચોક્કસ કારણ વગર ઘરેથી બહાર નીકળવા અને સુરક્ષિત આશ્રય મેળવવા અનુરોધ કર્યો હતો.

### નાગરિકોને ઓછામાં ઓછી હાલાકી પડે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને મેયરે સૂચન કર્યા

# ગાંધીનગરમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે મેયર મીરાબેન પટેલે વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી

**ભારે વરસાદ દરમિયાન સાવચેતી રાખે, જરૂરી હોય ત્યારે જ બહાર નીકળે : તંત્રની અપીલ**

**• ગાંધીનગર**

ગાંધીનગર શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મતી મીરાબેન પટેલે આજે સેક્ટર-4 અને સેક્ટર-6 સહિતના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મેયરએ વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય, માર્ગો પર પાણી ભરાવાની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ આવે તેમજ નાગરિકોને ઓછામાં ઓછી હાલાકી પડે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર સિસ્ટમની કામગીરીની પણ સમીક્ષા કરી અને જરૂરી સ્થળોએ તાત્કાલિક કાર્યવાહી કરવા ભાર મૂક્યો હતો. મેયરએ જણાવ્યું કે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોની સુરક્ષા તથા સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ટીમો સતત કાર્યરત છે અને જ્યાં પણ જરૂરિયાત ઊભી થશે ત્યાં ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા નાગરિકોને પણ અપીલ કરે છે કે ભારે વરસાદ દરમિયાન સાવચેતી રાખે, જરૂરી હોય ત્યારે જ બહાર નીકળે અને કોઈપણ તાકીદની પરિસ્થિતિમાં મહાનગરપાલિકાના સંબંધિત વિભાગનો સંપર્ક કરે.



### માણસા તાલુકામાં સૌથી વધુ ૫૪ મીમી એટલે કે સવા બે ઈંચ વરસાદ નોંધાયો

# ગાંધીનગર તાલુકામાં ૪૮ મીમી અને કલોલમાં ૨૬ મીમી વરસાદ નોંધાયો






**• ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર,તારીખ ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં ગાંધીનગર જિલ્લામાં સરેરાશ ૩૬.૫ મીમી અંદાજે ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. તાલુકાવાર વરસાદની વિગત જિલ્લામાં આજે સૌથી વધુ ૫૪ મીમી -સવા બે ઈંચથી વધુ વરસાદ માણસા તાલુકામાં નોંધાયો છે. માણસામાં બપોરે ૪:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા દરમિયાન જ ૩૯ મીમી જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. ગાંધીનગર તાલુકાનુ વાત કરવામાં આવે તો કુલ ૪૮ મીમી પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે. જેમાં સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા વચ્ચે ૨૬ મીમી વરસાદ થયો હતો. કલોલ તાલુકામાં દિવસ દરમિયાન કુલ ૨૬ મીમી એટલે કે ૧ ઈંચ વરસાદ નોંધાયો છે.જ્યારે દહેગામ તાલુકામાં દિવસ દરમિયાન કુલ ૧૮ મીમી વરસાદ થયો છે. સમયગાળા મુજબ વરસાદી આંકડા આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે તબક્કાવાર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડ્યા હતા. ખાસ કરીને બપોર પછી સાંજના ૪ થી ૬ વાગ્યાના બે કલાકના સમયગાળા દરમિયાન જિલ્લામાં સરેરાશ ૨૦.૨૫ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

### સેટેલાઇટ તસવીરમાં ખુલાસો થયો

# પૃથ્વી પર એક અદ્ભુત અને ચોંકાવનારો નજારો જોવા મળ્યો



અંતરિક્ષમાંથી લેવાયેલી તાજેતરની સેટેલાઈટ તસવીરમાં પૃથ્વી પર એક અદ્ભુત અને ચોંકાવનારો નજારો જોવા મળ્યો છે. ભારતથી શરૂ કરીને હિમાલય, ચીન અને સાઉથ કોરિયા સુધી ફેલાયેલી 7,000 થી 10,000 કિલોમીટર લાંબી વાદળોની વિશાળ પટ્ટી દેખાતાં હવામાનશાસ્ત્રીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ 'મોનસૂન કન્વર્જન્સ ઝોન'ના કારણે ભારતમાં બમ્પર વરસાદની ચેતવણી આપવામાં આવી છે. છેલ્લા 2 દિવસમાં સરેરાશ કરતાં 170% થી 180% વધુ અતિભારે વરસાદ નોંધાયો છે. આ મેગા વરસાદી સ્પેલ ખરીફ પાક અને જળાશયો માટે સંજીવની સમાન સાબિત થશે, પરંતુ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા પહાડી વિસ્તારોમાં પૂર તેમજ ભૂસ્ખલનનો ગંભીર ભય ઊભો થતાં તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

### રાષ્ટ્રસેવાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી

# પચ્છેગામ ખાતે શારદા પીઠાધીશ્વર પૂજ્ય સદાનંદ સરસ્વતીજી મહારાજનું સ્વાગત

**• કિસાનરાજ**

ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની ગૌરવશાળી પરંપરાના પ્રતિક એવા દ્વારકા શારદા પીઠના અભિષિક્ત, અનંત વિભૂષિત શારદા પીઠાધીશ્વર પૂજ્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ તા. *૨૧ જુલાઈ, ૨૦૨૬ (મંગળવાર)*ના રોજ બપોરે ૩:૩૦ કલાકે ગોહિલવાડના પવિત્ર ધામ પચ્છેગામ સ્થિત નવનિર્મિત મુરલીધર મંદિર ખાતે દર્શન તથા ધ્વજારોહણ માટે પધાર્યા હતા. પૂજ્ય મહારાજના આગમન પ્રસંગે યુવા શક્તિ ગ્રુપ, પચ્છેગામના નેજા હેઠળ ભક્તિભાવ અને વૈદિક પરંપરા સાથે ગોહિલવાડ રાજપૂત સમાજ ના પ્રમુખ વાસુદેવસિહ ગોહિલ અને સમાજ અગ્રણીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે પૂજન-અર્ચન તથા ધ્વજારોહણની પવિત્ર વિધિ સંપન્ન થયા બાદ ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું. ધર્મસભાના પ્રારંભે પૂજ્ય મહારાજનું પાદુકા પૂજન ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલ, ઉમરાળા તાલુકા રાજપૂત સમાજના પ્રમુખ કીર્તિસિંહ ગોહિલ, પચ્છેગામના સરપંચ ચંદ્રસિંહ ગોહિલ, અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા (ભાવનગર જિલ્લા)ના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, હડમતાળાના કરણસિંહ ગોહિલ તથા જિલ્લા પંચાયતના સભ્ય બ્રીજરાજસિંહ ગોહિલના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂજ્ય સદાનંદ સરસ્વતીજી મહારાજનું શાલ અને સન્માનચિહ્ન અર્પણ કરીને ભાવપૂર્વક સન્માન કરવામાં આવ્યું. ધર્મસભાને સંબોધતા પૂજ્ય સદાનંદ સરસ્વતીજી મહારાજે ભગવાન રામ અને ભગવાન કૃષ્ણના આદર્શ જીવનમૂલ્યોનું સ્મરણ કરાવ્યું હતું. સાથે જ ક્ષત્રિય સમાજની રાષ્ટ્રરક્ષા, ધર્મરક્ષા, સંસ્કૃતિ સંવર્ધન અને લોકકલ્યાણની ગૌરવશાળી પરંપરાની



પ્રશંસા કરી સમાજને સનાતન મૂલ્યોના સંવર્ધન માટે સતત કાર્યરત રહેવા પ્રેરણા આપી હતી. તેમણે સર્વેને આશીર્વચન પાઠવી ધર્મ, સંસ્કાર અને રાષ્ટ્રસેવાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી. સમગ્ર કાર્યક્રમનું અસરકારક અને ઓજસ્વી સંચાલન તથા અંતે આભારદર્શન ગીરીરાજસિંહ ગોહિલ (રામપુર) દ્વારા તેમની આગવી અને પ્રેરણાદાયી શૈલીમાં કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ, સનાતન સંસ્કૃતિ પ્રત્યેની અડગ આસ્થા અને ક્ષત્રિય સમાજની ધાર્મિક એકતાનું સુંદર પ્રતીક બની રહ્યો હતો. આ પ્રસંગે ગોહિલવાડ રાજપૂત સમાજના આગેવાનો ઉપસ્થિત રહેલ જે દશ્યમાન છે